| | |
|---|---|
| | દાખલ તારીખ: ૨૮.૦૨.૨૦૨૬<br>નોધ્યા તારીખ : ૨૮.૦૨.૨૦૨૬<br>નિર્ણય તારીખ : ૦૯.૦૩.૨૦૨૬<br>મુદત : વર્ષ–૦૦, માસ–૦૦, દિવસ–૦૯ |

================================================================

**ગીર સોમનાથ જિલ્લાના મહે. એડી. સેશન્સ જજ (શ્રી જે. જે. પંડયા સાહેબ)ની કોર્ટમાં,મુ. વેરાવળ**

================================================================

**ફો. પ. અ. નં.૧૦૨/૨૦૨૬**
**આંક–**

**તુષાર ઉર્ફે બોસ જાવીદભાઇ ચૌહાણ**
ઉ.વ.આ.૨૧,ધંધો:મજુરી,
રહે.તાલાળા,ઠે.નરસી ટેકરી
મુળ રહે.રેલ્વે કવાર્ટર,રેલ્વે સ્ટેશન,
હાલ જીલ્લા જેલ,જનાગઢ. **......અરજદાર**

**વિરૂધ્ધ**

**શ્રી સરકાર** **.....સામાવાળા**

---

**અરજદાર તરફે વિ. વ.શ્રી એસ.એન.સવાણી**
**શ્રી સરકાર તરફે વિ.પબ્લીક પ્રોસીકયુટર શ્રી કે.ડી.વાળા**

---

**:: બી. એન. એસ. એસ. એકટની કલમ–૪૮૩ મુજબ જામીન અરજી ::**

**:: જજમેન્ટ ::**

**(૧)** આ કામના અરજદાર/આરોપી વિરૂધ્ધ તાલાલા પો.ગુ.૨.નં. ૧૧૧૮૬૦૦૭૨૬૦૧૬૮/૨૬, બી. એન. એસ. કલમ–૧૦૯(૧), ૧૧૫(૧), ૩૫૧(૨), ૩૫૧(૩), ૩૫૨, તથા જી.પી.એ.કલમ–૧૩૫, તથા એટ્રોસીટી એકટ કલમ–૩(૧)(આર), ૩(૧)(એસ), ૩(૨) (વી.એ) મુજબના ગુના સબબ જયુડીશ્યલ કસ્ટડીમાં હોય, તેઓએ રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે હાલની અરજી બી. એન. એસ. એસ. એકટની કલમ–૪૮૩ હેઠળ દાખલ કરેલ છે.

**(૨)** અરજદારોની અરજી સંબંધે સરકારશ્રીને નોટીશ કરવામાં આવતા સરકાર તરફે વિ. પબ્લીક પ્રોસીકયુટર શ્રી કે.ડી.વાળા હાજર થયેલ છે.

**(૩)** અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી એસ.એન.સવાણીની દલીલ છે કે, અમોને આરોપી નં.ર તરીકે દર્શાવેલ છે. ફરિયાદ મુજબ પણ અમે અરજદારને કોઇ માર મારેલ નથી. ઈજા પહોંચાડેલ નથી. અમે માત્ર સાથે હતા તેવો આક્ષેપ છે. અમે જ્ઞાતિ વિષે પણ કોઇ

અપશબ્દો બોલેલ નથી. અમે પણ અનુસુચિત જાતિના છીએ જેથી એટ્રોસીટી એકટ અન્વયેનો ગુનો અમારા વિરૂધ્ધ બનતો નથી. નામદાર કોર્ટે અમારા જેવો રોલ હતો તે અરજદારને જામીન અરજી નં.૭૭/૨૦૨૬ થી મુકત કરેલ છે. અમો કયાંય નાસી ભાગી જઇએ તેમ નથી. હાલની જામીન અરજી તા.૦૩.૦૩.૨૦૨૬ ના રોજ સાંભળવા ઉપર હતી ત્યારે તપાસ કરનાર અમલદારનો રીપોર્ટ આવતા અરજી મંજુર કરવામાં આવેલ ત્યારબાદ તા.૦૫.૦૩.૨૦૨૬ ના રોજ તથા તા.૦૬.૦૩.૨૦૨૬ ના રોજ કાર્યવાહી મુલતવી રાખવામાં આવેલ અને તપાસ કરનાર અમલદાર હાજર રહેલ નથી. સોગંદનામુ રજુ કરેલ નથી. અમારે વિના કારણે તપાસ કરનાર અમલદારશ્રીના કારણે જેલમાં રહેવુ પડે તેમ હોય વિ.એ.પી.પી.શ્રીને સાંભળી અમારી અરજી અન્વયે યોગ્ય હુકમ કરવા વિનંતી છે અને નામદાર કોર્ટ ફરમાવશે તે શરતોનુ પાલન કરશુ. જેથી અરજી મંજુર કરવા વિનંતી છે.

(૪) ફરિયાદપક્ષે વિ. પબ્લીક પ્રોસીકયુટરશ્રી કે.ડી.વાળાની દલીલ છે કે, અમે તપાસ કરનાર અમલદારને તપાસના કાગળો સાથે હાજર રહેવા એકથી વધુ વખત સુચના આપેલ છે અને તેઓએ તા.૦૩.૦૩.૨૦૨૬ ના રોજ મુદ્દની માંગણી કરેલી જે અરજી આપ સાહેબે તા.૦૩.૦૩.૨૦૨૬ ના રોજ મંજુર કરેલ છે. ફરિયાદ મુજબ અમારી એવી રજુઆત છે કે, આરોપી અન્ય આરોપી જેટલા જ ગુનેગાર છે છરીથી ઘા મારેલ છે જેથી જામીન અરજી નામંજુર કરવા વિનંતી છે.

(૫) બંને પક્ષકારોની દલીલ તથા રેકર્ડ ધ્યાને લેતા તથા એફ.આઇ.આર. તથા અરજદાર તરફે આંક–૮ થી રજુ અરજી ધ્યાને લેતા એ હકીકત ફલીત થાય છે કે, હાલની જામીન અરજી તા.૦૩.૦૩.૨૦૨૬ ના રોજ સાંભળવા ઉપર હતી ત્યારે તપાસ કરનાર અમલદારનો રીપોર્ટ આવતા અરજી મંજુર કરવામાં આવેલ ત્યારબાદ તા.૦૫.૦૩.૨૦૨૬ ના રોજ તથા તા.૦૬.૦૩.૨૦૨૬ ના રોજ કાર્યવાહી મુલતવી રાખવામાં આવેલ અને તપાસ કરનાર અમલદાર હાજર રહેલ નથી. સોગંદનામુ રજુ કરેલ નથી. એફ.આઇ.આર. ધ્યાને લેતા તા.૧૦/૦૨/૨૦૨૬ ના રાત્રીના સાડાનવેક વાગ્યાના અરસામાં ડો. આંબેડકરનગર પીપળવા રોડ ઉપર નાકે બેઠા હતા ત્યારે તાલાલા વાસમાં રહેતા મહેશભાઈ જેન્તીભાઈ સોંદરવા મારી પાસે આવેલ અને મને ગાળ દેતા મે તેમને ગાળ આપવાની ના પાડતા આ મહેશભાઇ સોંદરવાએ તેમના ફોનમાંથી તેમના ભાઇ વિજયભાઇ સોંદરવાને ફોન કરી બોલાવેલ અને વિજય ત્યાં આવતા આ મહેશભાઇ આ વિજયભાઈને કહેવા લાગેલ કે આ મને ગાળો આપે છે. તેમ કહેતા આ વિજયભાઇ તથા મહેશભાઇ મને જેમ ફાવે તેમ ભુંડી ગાળો આપી મને શરીરે ઢીકાપાટુનો માર મારવા લાગેલ. હાલના અરજદાર તુષાર ઉર્ફે બોસ જાવીદભાઇ તથા જાહીર એમ અમો બન્ને આ જાહીરની ગાડી લઇ ત્યાથી ભાગતા હતા ત્યારે આ બન્ને ભાઈઓ અરજદાર તુષાર ઉર્ફે બોસ જાવીદભાઇને કહેવા લાગેલ કે અહીંયા તમે

આવશો કે દેખાશો તો તમને જાનથી મારી નાખીશુ તેમ ધમકીઓ આપતા હતા. અરજદાર તુષાર ઉર્ફે બોસ જાવીદભાઇ તથા મિત્ર જાહીર અમો બન્ને મો.સા લઈ આ જાહીરના ઘરે જતા રહેલ હતા. અને થોડીવાર બાદ આ વિજયભાઇ તથા સુલતાન આ જાહીરના ઘર પાસે આવેલ અને આ વિજય ગાડીમાંથી નીચે ઉતરી મારા મિત્ર જાહીરને ત્રણ-ચાર જાપટ મારી દિધેલ હતી અને આ જાહીર તથા વિજયભાઈ સાથે જપાજપી થયેલ હતી અને મને માથાના ભાગે તથા શરીરે ઢીકાપાટુનો મુઢ માર મારેલ હતો. જેથી મને શરીરે દુખાવો થતો હોય જેથી અરજદાર તુષાર ઉર્ફે બોસ જાવીદભાઇ તથા જાહીરને તેમના પપ્પા તથા જયાં ફરજ પરના ડો.સા.એ તેમના દાદા અમો બન્ને જુનાગઢ સિવીલ હોસ્પીટલ ખાતે સારવારમાં લઇ ગયેલ હતા તેવો આક્ષેપ છે. હાલના આરોપી/અરજદાર અને ફરિયાદી બંને અનુસુચિત જાતિના છે. તેથી એટ્રોસીટીનો કાયદો લાગુ પડતો નથી. આરોપીનો રોલ જોતા આરોપીએ હથિયાર વડે હુમલો કરેલ હોય તેવુ જણાતુ નથી. અરજદાર/આરોપી વિરૂધ્ધ કોઇ ગંભીર આક્ષેપ નથી. આમ, તપાસ કરનાર અમલદાર તરફે કોઈ સોગંદનામુ કે તપાસના કાગળો રજુ કરવામાં આવેલ ન હોય ફરિયાદ મુજબ નિર્ણય લેવો જયારે જરૂરી જણાય છે અને અરજદારે એફ.આઇ.આર.ની નકલ રજુ કરેલ છે તે મુજબ આરોપી સ્થાનીક રહેવાસી છે તેમજ ટ્રાયલ દરમ્યાન હાજરી સુનિશ્રીત કરી યોગ્ય શરતોને આધીન જામીન ઉપર મુકત કરવો ન્યાયોચીત જણાતુ હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

(૧) અરજદાર/આરોપીની બી. એન. એસ. એસ. એકટની કલમ-૪૮૩ અન્વયે જામીન ઉપર મુકત થવાની હાલની અરજી **મંજૂર** કરવામાં આવે છે.

(૨) અરજદાર/આરોપી-**તુષાર ઉર્ફે બોસ જાવીદભાઇ ચૌહાણ,** ઉ.વ.આ.૨૧, ધંધો:મજુરી, રહે.તાલાળા, ઠે.નરસી ટેકરી, મુળ રહે.રેલ્વે કવાર્ટર,રેલ્વે સ્ટેશન, હાલ જીલ્લા જેલ,જનાગઢ. નાઓને તાલાલા પો.ગુ.ર.નં. ૧૧૧૮૬૦૦૭૨૬૦૧૬૮/૨૬, બી. એન. એસ. કલમ-૧૦૯(૧), ૧૧૫(૧), ૩૫૧(૨), ૩૫૧(૩), ૩૫૨, તથા જી.પી.એ.કલમ-૧૩૫, તથા એટ્રોસીટી એકટ કલમ-૩(૧)(આર), ૩(૧)(એસ), ૩(૨) (વી.એ) મુજબના ગુનાના કામે અરજદાર/ આરોપીએ **રૂા.૧૫,૦૦૦/-(અંકે રૂપિયા પંદર હજાર)** પુરાના સદ્ધર જામીન અને તેટલી જ રકમના જાત મુચરકા આપ્યેથી, તેઓને નીચેની શરતોને આધીન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**ઃ: શરતો ઃ:**

**૧)** અરજદાર/આરોપીએ તેમની સામેનો કેસમાં અદાલતમાં દરેક મુદતે નિયમિત હાજર રહેવુ.

**૨)** અરજદાર/આરોપીએ તેમને મળેલ સ્વતંત્રતાનો દુરૂપયોગ કરવો નહી કે ફરિયાદપક્ષના પુરાવા સાથે ચેડા કરવા નહીં કે ફરિયાદપક્ષના સાહેદોને લોભ–લાલચ, ધાક–ધમકી કે અન્ય કોઇપણ પ્રકારે પ્રલોભન આપી ફોડવાનો પ્રયત્ન કરવો નહીં.

**૩)** અરજદાર/આરોપીએ પોતાનું કાયમી રહેઠાણનું સરનામું મોબાઈલ નંબર સહિત રજૂ કરવુ અને તેમાં કોઇ ફેરફાર થાય તો કોર્ટને જાણ કરવી.

**(૩)** અરજદાર/આરોપીએ જામીન તથા જાતમુચરકા અત્રેની કોર્ટ સમક્ષ રજૂ કરવા.

**(૪)** અરજદાર/આરોપી હાલ જેલમા હોય, તેઓને આ હુકમની જાણ કરતી યાદી, સંબંધિત જેલ ઓથોરીટીને ઇમેઇલ દ્વારા કરવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૯/૦૩/૨૦૨૬
સ્થળ : વેરાવળ.

**(જીગ્નેશ જગદિશચંદ્ર પંડયા)**
એડી. સેશન્સ જજ
ગીર સોમનાથ,વેરાવળ
કોડ નં.જીજે૦૦૭૫૬